# મે મહિનામાં મંગળ, શુક્ર અને સૂર્ય કરશે રાશિ પરિવર્તન

## ગ્રહોના ગોચરથી મિથુન, કર્ક સહિત છ રાશિને મળશે અપાર સફળતા



ગાંધી.તા.૦૧

જ્યોતિષશાસ્ત્ર મુજબ ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિના હિસાબે મે ૨૦૨૩નો મહિનો ખૂબ જ ખાસ બની શકે છે.

કારણ કે આ મહિનામાં સૂર્ય, શુક્રની સાથે-સાથે મંગળ પણ પોતાની રાશિ બદલવાના છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે, શુક્ર મે મહિનાની શરૂઆતમાં જ મિથુન રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે, જ્યાં શુક્ર અને મંગળની યુતિ થઈ રહી છે. ત્યાર બાદ ગ્રહોના સેનાપતિ મંગળ પણ ગોચર કરી રહ્યો છે. આ સિવાય મે મહિનામાં બુધ ગ્રહનો ઉદય થઈ રહ્યો છે અને તે સીધો મેષ રાશિમાં આગળ વધશે.

**મે માસ માં ગ્રહોનું ગોચર :**

**મે મહિનામાં શુક્ર બે રાશિ બદલી નાખશેઃ**

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે, ૨ મેના રોજ બપોરે ૧.૪૬ વાગ્યે શુક્ર ગ્રહ વૃષભ રાશિ છોડીને મિથુન રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે. ત્યાર બાદ ૩૦ મેના રોજ સાંજે ૭.૩૯ વાગ્યે શુક્ર કર્ક રાશિમાં પ્રવેશ કરશે, જ્યાં ૭ જુલાઈના રોજ સવારે ૪:૨૮ સુધી રહેશે. શુક્ર મે મહિનામાં બેવાર સંક્રમણ કરી રહ્યો છે. શુક્રના રાશિ પરિવર્તનથી ઘણી રાશિઓને ફાયદો થવાનો છે. શુક્રની કૃપાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવી શકે છે. શુક્ર મિથુન રાશિમાં કેવું ફળ આપે છે.

મિથુન રાશિમાં શુક્ર કલા અને સર્જનાત્મકતા માટે સારી ક્ષમતા અને યોગ્યતા આપે છે. એની અસરથી વ્યક્તિ સંદેશાવ્યવહાર, મીડિયાક્ષેત્રમાં સારી સફળતા મેળવી શકે છે. આ સાથે વ્યક્તિ લેખન, કવિતા લેખન, લેખ લખવા, ગાયન અથવા ચિત્રકામ સાથે સંબંધિત કાર્યોમાં નિપુણ બની શકે છે.

**મંગળ સંક્રમણ મે માસમાંઃ**

ગ્રહોનો અધિપતિ મંગળ પણ મે મહિનામાં પોતાની રાશિ બદલવા જઈ રહ્યો છે. ૧૦ મે, ૨૦૨૩ના રોજ બપોરે ૧:૪૪ વાગ્યે એ મિથુન રાશિ છોડીને ચંદ્રની રાશિ કર્કમાં પ્રવેશ કરી રહ્યો છે. ૧ જુલાઈના રોજ સવારે ૧.૫૨ વાગ્યા સુધી આ રાશિમાં રહેશે. ત્યાર બાદ સિંહ રાશિમાં પ્રવેશ કરશે. મંગળ અંગત જીવનમાં હિંમત અને બહાદુરી આપે છે. આવી સ્થિતિમાં મંગળના ગોચરને કારણે અનેક રાશિના લોકોના જીવનમાં માત્ર ખુશીઓ આવવાની છે.

**મંગળ કર્ક રાશિમાં કેવું ફળ આપે છેઃ**

મંગળ કર્ક રાશિમાં હોય ત્યારે વ્યક્તિ લાગણીઓના ઊંડાણને પણ વધુ સારી રીતે સમજે છે. ઘણા કિસ્સાઓમાં આ સ્થિતિ વ્યક્તિને ખૂબ જ મજબૂત અને દૃઢ સંકલ્પ પ્રદાન કરે છે. જ્યારે મંગળ શક્તિનું પ્રતીક છે, ચંદ્ર મનનું પ્રતિનિધિત્વ કરે છે. આ બંનેનું મિશ્રણ જાતકને મજબૂત બનાવે છે.

**સૂર્ય ગોચર મે માસમાંઃ**

ગ્રહોનો રાજા સૂર્ય મેષ રાશિમાંથી બહાર નીકળીને ૧૫ મેના રોજ સવારે ૧૧.૫૮ વાગ્યે વૃષભ રાશિમાં પ્રવેશ કરશે. આખો મહિનો આ રાશિમાં રહ્યા બાદ એ ૧૫ જૂન, ૨૦૨૩ના રોજ સાંજે ૬.૨૫ કલાકે મિથુન રાશિમાં પ્રવેશ કરશે.

**સૂર્ય વૃષભ રાશિમાં કેવું ફળ આપે છેઃ**

સૂર્ય વૃષભ રાશિમાં જાતકોને આત્મનિર્ભર બનાવે છે. બીજાની કાળજી લેવી ગમે છે. સૂર્યનો પ્રભાવ વૃષભ જાતકોને મહેનતુ અને સ્થિરતા આપે. મહેનતનું ફળ ભલે મોડું પણ ચોક્કસ મળે. શેર માર્કેટ ફાયદાકારક રહે. આ સ્થિતિમાં તમે તમારું પોતાનું ઘર અને વાહન ખરીદી શકો છો. પ્રેમના મામલામાં જાતક વધુ પઝેસિવ બને છે.

**ત્રણ ગ્રહના રાશિ પરિવર્તનથી ૬ રાશિને અપાવશે મોટો લાભઃ**

મે મહિનામાં દાનવોના સ્વામી શુક્ર બેવાર પોતાની રાશિ બદલી રહ્યો છે. તેની સાથે મિથુન, કર્ક, સિંહ, વૃશ્ચિક, મકર અને મીન રાશિના લોકોને સૂર્ય અને મંગળના રાશિ પરિવર્તનથી વિશેષ લાભ મળી શકે છે . ગ્રહોના રાશિચક્રમાં પરિવર્તન આ ૬ રાશિના લોકોના જીવનમાં ખુશીઓ લાવી શકે છે. પરિવાર સાથે સારો સમય પસાર થશે. આ સાથે કાર્યસ્થળે તમારા કામની પ્રશંસા થઈ શકે છે. આવી સ્થિતિમાં ઉચ્ચ અધિકારીઓ ખુશ થઈને પ્રમોશન કે ઈંક્રિમેન્ટ આપી શકે છે. આ સાથે વેપારીઓને પણ અનેક લાભ મળવાની સંભાવના છે. ગ્રહોની સ્થિતિ બદલાવાને કારણે આ ૬ રાશિના જાતકોને બિઝનેસમાં અપાર સફળતા મળી શકે છે. આ સાથે રોકાણ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

# નિરમા યુનિવર્સિટી ખાતે ઓલ ગુજરાત ઈન્સ્ટ્રૂમેન્ટેશન એન્જિનિયર્સ મીટ યોજાઈ



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગર પાસેની નિરમા યુનિવર્સિટીના સ્ટુડન્ટ ચેપ્ટર અને ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ઓટોમેશન દ્વારા તાજેતરમાં ૨૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ "ઓલ ગુજરાત ઈન્સ્ટ્રૂમેન્ટેશન એન્જિનિયર્સ મીટ" (AGIC EM'23)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ગુજરાતની કોલેજના ઈન્સ્ટ્રૂમેન્ટેશન અને કંટ્રોલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ઈલેક્ટ્રોનિક અને ઈન્સ્ટ્રૂમેન્ટેશન વિભાગના વડા ડૉ. હિમાંશુ પટેલ અને અધ્યાપક સ્નેહ સોનીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને SIS-SIL નિષ્ણાત પી.એન. પરીખે બિરદાવી ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને ઊર્જા સંરક્ષણ અને તેની કાર્યક્ષમતાની સમજ આપી હતી.

કાર્યક્રમમાં યુ.એસ. સ્થિત ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ઓટોમેશન પ્રમાણિત જૈંજી-જૈં-નિષ્ણાત પી.એન. પરીખ જેમણે ઓટોમેશન ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્રે તેમના ૪૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે તે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને તેમના કાર્યક્ષેત્ર વિશે વિસ્તૃત સમજ આપી હતી. યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી પેન્ટાફલેક્સ ફિલ્મ્સના ડિરેક્ટર આનંદ પટેલ અને અરિહંત સેટિયેટના સીઈઓ નિરજ શાહે તેમના અનુભવો વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કર્યા હતા. તેમણે નાંણાકીય સ્થિરતા અને વ્યક્તિગત વૃદ્ધિના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ટેકનોલોજીમાં માનવ તત્વને ગુમાવ્યા વિના ઓટોમેશનને અપનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નાણાકીય સ્થિરતા અને વ્યક્તિગત વૃદ્ધિના મહત્વ ઉપરાંત ટેક્નોલોજીમાં માનવ તત્વને ગુમાવ્યા વિના ઓટોમેશનને અપનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. સમાપને ઉપસ્થિત રાજ્યભરની વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ "આધુનિકરણમાં સ્વયંસંચાલીત યંત્રોના વિકાસ સાથે પર્યાવરણનો બચાવ" વિષય પર રજૂઆતની સ્પર્ધામાં ભાગ લઈને તેમની પ્રસ્તુતિઓ પ્રભાવશાળી દ્રશ્યો સાથે રજૂ કરી હતી. આ સ્પર્ધામાં "એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ" ના વિદ્યાર્થીઓ વિજેતા રહ્યાં હતા.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ સુદ એકાદશી - મોહિની એકાદશીએ ચંદનના મનોરમ્ય કલાત્મક શણગાર કરવામાં આવ્યો છે.

# સરગાસણ ટીપી-૯માં શ્રીરામ કથાનો મંગલ પ્રારંભ

## પ્રયાસ ટ્રસ્ટ આયોજીત આ કથાની પોથીયાત્રા આજે સમગ્ર વિસ્તારમાં રંગેચંગે ફરી હતી, માનસરત્ન શાસ્ત્રીજીના મુખારવિંદે કથાનું રસપાન

ગાંધીનગર, તા.૦૧

ન્યુગાંધીનગરના સરગાસણમાં ટીપી-૯ ગણાતા વિકસિત વિસ્તારમાં આજથી શ્રીરામ કથાનો મંગલ પ્રારંભ થયેલ છે.

પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને દાતાઓના સૌજન્યથી આ ધાર્મિક પ્રસંગમાં આજે ભવ્ય પોથીયાત્રા સમગ્ર વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર વાજતે ગાજતે નીકળી હતી. જ્યાં દરેક સોસાયટી દ્વારા પોથીનું પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવતા ધાર્મિક ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ટીપી-૯માં ધાર્મિક, સામાજીક અને માનવ કલ્યાણની પ્રવૃત્તિ કરતાં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટે શ્રીરામ કથાનું સુંદર અને ભવ્ય આયોજન હાથ ધર્યુ છે.

આજથી મંગલ પ્રારંભ થયેલી આ શ્રીરામ કથાની પોથીયાત્રા ત્રણ બગી, લાઈવ ડીજે અને ભક્તોની મોટી હાજરી સાથે મસગ્ર ટીપી-૯ના માર્ગો ઉપરથી પસાર થઈ હતી જેનું વિવિધ સોસાયટીઓએ ઉત્સાહ ભેર સ્વાગત કર્યુ હતુ. પ્રયાસ ટ્રસ્ટના ચેરમેન જગદીશભાઈ નમેશ, મંત્રી હિંમતભાઈ પટેલ સહિત ટ્રસ્ટીગણ અને સભ્યોના સહીયારા સાથ થકી આ શ્રીરામ કથામાં દાતાઓએ દાનની સરવાણી વહાવી દીધી છે. શ્રીરામ કથાના કથાકાર રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી જે પૂરાણાચાર્ય અને માનસરત્ન છે જેમણે આજે તેમના સુમધુર કંઠેથી કથાનો પ્રારંભ કર્યો હતો. શારદાબેન એમ. સોલંકીના ઘરેથી પોથીયાત્રાનો આરંભ થઈ કથા સ્થળે પોથીયાત્રા પહોંચી હતી.

આ કથામાં મા ઉમિયાનુ પ્રાગટ્ય, રામ જન્મોત્સવ, બાળલીલા, રામ-સીતા વિવાહ, કેવટ પ્રસંગ, ભરતમિલાપ, સુંદરકાંડ, રામ રાજ્યાભિષેક જેવા ધાર્મિક અલૌકિક પ્રસંગો છે તેમજ રાત્રી દરમ્યાન લોકડાયરો, ભજન, સુંદરકાંડ અને આનંદના ગરબા જેવા કાર્યક્રમો રાખી આ શ્રીરામ કથા ભવ્ય રીતે પીરસાઈ તેવુ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ટીપી-૯ના રહીશો આ કથાને લઈને ખુબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



# નભોઈ કેનાલે તુટેલી ભયજનક રેલીંગથી અકસ્માતનું જોખમ..!!



ગાંધીનગર, તા.૦૧

ગાંધીનગરથી અમદાવાદ જતાં કોબા સર્કલ પાસેની નભોઈ ખાતેની નર્મદા કેનાલે સાઈડની રેલીંગ તુટી જવા પામી છે. આ રેલીંગ તુટેલી હોવાને કારણે ભયજનક બની છે. આમ તો રેલીંગ આગળ આત્મહત્યાઓ અને કેનાલમાં કચરો નાંખવાની પ્રવૃત્તિ અટકાવવા જાળી લગાડાઈ છે પરંતુ જે રીતે કેનાલની પાળી એટલે કે કઠેરો જ તુટેલોછે તે જોતાં ત્યાં કોઈ વ્યકતિ ઉભુ રહે તો પણ તુટીને પડી જાય તેવી સ્થિતિ જણાઈ રહી છે. તુટેલી રેલીંગને જોઈને કેનાલની બંને તરફની સાઈડના ફુટપાથ અને કઠેરાંની યોગ્ય ચકાસણી કરવી જરૂરી જણાઈ રહ્યું છે કેમકે આ માર્ગે અનેક પગપાળા સંઘ પસાર થતાં હોવાથી પદયાત્રિકોથી માંડીને રાહદારીઓની અવરજવર પણ વધુ રહે છે અને ઘણાં કાર-બાઈક સવારો પણ કેનાલની મજા માણવાં ઉભા રહી ત્યાં આવે છે. સત્વરે તંત્ર દ્વારા આ જોખમી રેલીંગનું સમારકામ હાથ ધરીને મોટો અકસ્માત ખાળી શકાય અને કોઈનો ભોગ ના લેવાય તે જોવું અત્યંત આવશ્યક જણાઈ રહ્યું છે.

# પૂ. સ્વ. તનસિંહજી ૧૦૦મી જન્મ શતાબ્દી મહોત્સવ અંતર્ગત સે. ૨૨ ખાતે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૦૧

રંગમંચ સેક્ટર-૨૨ ગાંધીનગર મુકામે શ્રી ક્ષત્રિય યુવક સંઘના વર્તમાન સંઘ પ્રમુખ લક્ષ્મણસિંહજી બૈણ્યાકાસનાં સાનિધ્યમાં પૂ. સ્વ. તનસિંહજી ૧૦૦મી જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહ ઉજવાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત પૂર્વ યોગેન્દ્રસિંહ કાણેટી દ્વારા યજ્ઞ કરાવવામાં આવ્યો. ત્યારબાદ ધ્વજદંડ પ્રાર્થના, ધ્વજારોહણ પછી સામુહિક પ્રાર્થના 'ક્ષત્રિય કુલમે પ્રભુ જન્મ દિયા તો' બોલવામાં આવી. આગંતુક મહેમાનોનું શાબ્દીક સ્વાગત ઈન્દ્રસિંહ પડુસમાએ કર્યુ. તદુપરાંત ઓડીયો વિઝ્યુઅલ દ્વારા પૂ. તનસિંહજીનું જીવન ચરિત્ર તથા શ્રી ક્ષત્રિય યુવક સંઘના પરિચયની ઝાંખી કરાવી હતી. આજના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન (વક્તા) સંઘ પ્રમુખ સાહેબે પોતાના વકતવ્યમાં આ સમાજ યજ્ઞમાં પધારવા નિમંત્રણ પાઠવતા જણાવ્યું કે આ એક પવિત્ર કાર્ય છે. આપણા ધર્મ, સંસ્કૃતિ, ઈતિહાસની ભૂલેલી રાહ પર લાવવા માટે શ્રી. ક્ષ.પુ. સંઘનો આ અનેરો માર્ગ છે. માત્ર વાતો જ નહી વિચારાનુકુળ આચાર બનાવી કર્મ કરવા કટિબદ્ધ છે.

આજે અર્થોપાર્જનનાં યુગમાં આંધળી દોડમાંથી પાછા વાળીને સાચા કર્તવ્ય માર્ગ પર ચલાવવા તત્પર છે.

શાસ્ત્ર કહે છે જેમ મહાન પુરૂષ કાર્ય કરે તેમ લોકો તેનું અનુકરણ કરે છે. એટલા માટે ક્ષત્રિય હોવાના કારણે આપણે માનવ જ નહી મહામાનવ, અતિમાનવ બનવા પ્રયત્નશીલ રાખે છે. જો જાગે છે તે પામે છે જે સુવે છે તે ખોવે છે પછી રોવે છે. માટે આજે સમગ્ર ભારતમાં શ્રી કેવાયએસ પ્રત્યેક ક્ષત્રિય સમાજને જાગીને આ સમાજ યજ્ઞમાં પોતાનું યોગદાન દેવાં આવહાન કરે છે.

# ક્રિમિનોલોજીનું જ્ઞાન વિશ્વને સુરક્ષિત બનાવવામાં મદદરૂપઃ ડૉ. જે.એમ. વ્યાસ

## ક્વાઝુલુ-નાટાલ યુનિવર્સિટી, દક્ષિણ આફ્રિકાએ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર કર્યા

ગાંધીનગર, તા.૦૧

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે બે દિવસીય BRICS ઈન્ટરનેશનલ કોલોક્વિયમ (પરિસંવાદ)નો પ્રારંભ તા.૧લી મે, ૨૦૨૩ના રોજ થયો છે. આ પરિસંવાદ



NFSU; ક્વાઝુલુ-નાટાલ યુનિવર્સિટી, દક્ષિણ આફ્રિકા; ઉચ્ચ શિક્ષણ અને તાલીમ વિભાગ, દક્ષિણ આફ્રિકા અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિસ, દક્ષિણ આફ્રિકાના સહયોગથી કરવામાં આવ્યો છે. જેનો વિષય છે, 'મેથોડ્સ ફોર ધ ક્રિએશન ઓફ બ્રિક્સ સિક્યોરિટી સિસ્ટમ'છે. આજના ઉદઘાટન સમારોહ દરમિયાન, મહત્વના સમજૂતી કરાર (એમઓયુ) ઉપર ડૉ. નિર્મલા ગોપાલ, પ્રોફેસર (ક્રિમિનોલોજી), ક્વાઝુલુ-નાટાલ યુનિવર્સિટી-દક્ષિણ આફ્રિકા અને પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસ, કુલપતિ-એનએફએસયુ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેનો હેતુ ફોરેન્સિક સાયન્સ અને સંલગ્ન વિષયોના ક્ષેત્રમાં શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે. NFSUના કુલપતિ, પદ્મશ્રી ડૉ. જે.એમ. વ્યાસે પોતાના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતું કે, ક્રિમિનોલોજી (અપરાધશાસ્ત્ર)નું જ્ઞાન વિશ્વને સલામત અને સુરક્ષિત બનાવવામાં સહાયરૂપ બનશે. વૈશ્વિક આતંકવાદ, સાયબર સિક્યોરિટી, ડ્રગ્સની હેરફેર જેવા મુદ્દાઓને કુનેહપૂર્વક હલ કરવાની જરૂર છે. આ પડકારોને આ પરિસંવાદમાં આવરી લેવામાં આવ્યા છે. જેથી, નિષ્ણાતો સર્વગ્રાહી BRICS સુરક્ષા પ્રણાલી પર પોતાના વિચારો રજૂ કરશે, જે વિશ્વને સુરક્ષા અને શાંતિ માટેનું મજબૂત વ્યવસ્થાતંત્રની જરૂરિયાત પૂરી પાડશે. જજ ગોરાન લેમ્બર્ટ્ઝ, વરિષ્ઠ કાઉન્સેલ, સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ અને પૂર્વ સ્વીડિશ ચાન્સેલરે વિશેષ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે શાંતિપૂર્ણ વિશ્વ માટે સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય કાયદાની જાળવણી અત્યંત જરૂરી છે. સામાન્ય સુરક્ષા વ્યવસ્થા સાથે શાંતિપૂર્ણ રીતે આંતરરાષ્ટ્રીય વિવાદોનું નિરાકરણ થાય તે મહત્ત્વનું છે. ડૉ. નિર્મલા ગોપાલ, પ્રોફેસર (ક્રિમિનોલૉજી), યુનિવર્સિટી ઑફ ક્વાઝુલુ-નાટાલ, દક્ષિણ આફ્રિકાએ યુએન પીસ એન્ડ કોન્ફિલકટ રિઝોલ્યુશન અંગે માહિતી આપી હતી.

# સ્વ. ફકીરભાઈ વાઘેલાની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૦૧

દલિત અધિકાર સંઘ ગુજરાતના આદ્ય સ્થાપક,ઝુજારુ નેતા,દલિતોના મસિહા, ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી અને સૌના હ્રદય સમ્રાટ દિવંગત ફકીરભાઈ વાઘેલા સાહેબની ૩૦એપ્રીલે ૧૦મી પૂણ્યતિથિ નિમિત્તે તેમના નિવાસસ્થાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સ્વ.નો પરિવાર ગં.સ્વરુપ કુવરબેન, જીતુભાઈ અને સમગ્ર પરિવાર ઉપરાંત દલિત અધિકાર સંઘ ગુજરાતના સૌ પદાધિકારીઓ સર્વ શ્રી પી.બી.શ્રીમાળી, વસંત જાદવ, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઈ મકવાણા,કલોલથી ખાસ ઉપસ્થિત રહેલા મુકેશભાઈ પરમાર, મહેશભાઈ પરમાર તેમજ નયન સોલંકી, કાન્તીભાઈ પરમાર, ચંદ્રેશ એડવોકેટ,માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી નટુભાઈ ડોક્ટર નિતીન અંજાન અન્ય સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને દિવંગત ફકીરભાઈ વાઘેલા સાહેબના આ સમાજમાં આપેલ યોગદાન થકી દલિતોના હક્ક અને અધિકાર માટેસતત સંઘર્ષ કરી જીવનને સાર્થક કરી કદીયે ના ભૂલાય એવી સેવાને સલામ કરીને ભગ્ન હદયે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.. અંતે દલિત અધિકાર સંઘ ગુજરાતના મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ વાઘેલાએ સૌનો આભાર વ્યકત કર્યો હતો...છેલ્લે ફકીરભાઈ વાઘેલા તુમ અમર રહો નો જયઘોષ બોલાવી આદરાજલિ અર્પી હતી.....





ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે પૂર્વ ગૃહમંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી રજનીભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતમાં બેઠક યોજાઈ હતી. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ તેમનું સ્વાગત- અભિવાદન કર્યું હતું. તેમજ વિકાસના કાર્યોની ચર્ચા કરી અને તેમનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરના પ્રભારી મોહનભાઈ પટેલ, સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધમેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



આજે જ્યારે બાળકો, કિશોરો, યુવાનો, વડીલો અને સીનીયર સીટીઝનો સહિત સૌકોઈ મોબાઈલનો ઊપયોગ વિવિધ હેતુઓ માટે કરી રહ્યો છે અને સાયબર ક્રાઈમ થકી છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે ત્યારે તે અંગે જાગૃતિ લાવવા ગાંધીનગર ગુજરાતી કેથોલિક પરિવાર દ્વારા તેની રજતજયંતિ મહોત્સવની ઉજવણી અંતર્ગત "સાયબર ક્રાઈમ" પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સુકેતુ ચાંગાવાલા, પોલીસ ઈન્સ્પેક્ટર (ક્રાઈમ બ્રાન્ચ), અમદાવાદ દ્વારા વિગતવાર પ્રેઝેન્ટેશન થકી અસરકારક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.